**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૪/૧/૨૦૧૭ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૨/૧૭**

કાલુપુર પોલીસ સ્ટેશનની સારી કામગીરી

કાલુપુર પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૦૦૧/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૧૮૮ તથા જી.પી.એક્ટ કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ મુજબના કામમાં હકિકત એવી છે કે ગઇ કાલ તા.૦૩/૦૧/૨૦૧૭ ના રોજ અમોએ તાબાના સ્ટાફના માણસોને પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાઈનીઝ તુક્કલો તથા ચાઈનીઝ દોરીનુ વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના કરતા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નિકળેલા દરમ્યાન અ.પો.કો.ભાવનેશકુમાર દિલીપભાઈ બ.નં.૯૯૩૭ નાઓને ખાનગી રાહે હકિકત મળેલ જે આધારે હે.કો.ધનંજય ભાસ્કરરાવ નાઓએ સ્ટાફના માણસો સાથે વોચમાં રહી આ કામના આરોપી પ્રવિણભાઈ કિશનભાઈ ડાભી, ઉ.વ.૨૦, રહે.રૂમ નં.૩૫, બ્લોક નં.૨, ઔડાના મકાન, ઓઢવ રીંગ રોડ, ઓઢવ, અમદાવાદ શહેરનાને જુદા જુદા કલરની ૧૦૦ નંગ ચાઈનીઝ તુક્કલ સાથે પકડી લીધેલ અને સદરી આરોપીની વધુ પુછપરછ કરતા અન્ય જથ્થો પોતાના શેઠ ઉજ્જવલભાઈ શાહના મામુનાયકની પોળમાં જય અંબે પતંગ હાઉસ નામની દુકાનની સામે આવેલ ગોડાઉનમાં તેઓની જાણ બહાર ચોરી છુપીથી રાખેલ છે, તેવુ જણાવતા સદરી આરોપીને સાથે રાખી ગોડાઉનમાંથી જુદા જુદા રંગોની ચાઈનીઝ તુક્કલ નંગ ૧૯૭૦ તથા પાકી નાઈલોન(ચાઈનીઝ) દોરી ભરેલી મોટી ફીરકી નંગ-૧૫ તથા નાની ફીરકી નંગ ૨૬ મળી આવેલ જેથી જુદા જુદા રંગોની ચાઈનીઝ તુક્કલ નંગ-૨૦૭૦ કિ.રૂ.૪૧,૪૦૦/- તથા પાકી નાઈલોન(ચાઈનીઝ) દોરી ભરેલી મોટી ફીરકી નંગ-૧૫ ની કિ.રૂ.૩૭૫૦/-તથા નાની ફીરકી નંગ-૨૬ ની કિ.રૂ.૨૬૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૪૭,૭૫૦/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ અને સદરી આરોપીએ મે.પો.કમિ.શ્રી, અમદાવાદ શહેરનાઓના જાહેરનામા નં.ક્રમાંક નંબરઃગ/ઉપક/૫૦૭/૨૦૧૬, તા.૧૯/૧૨/૨૦૧૬ તથા જાહેરનામા ક્રમાંકઃ વિશેષ શાખા/એ-સેક્શન/મકરસંક્રાંતી/પરમીટ/૭૭/૨૦૧૬, તા.૧૪/૧૨/૧૬ ના જાહેરનામાનુ ઉલ્લંઘન કરી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૪૪ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા (જાહેરનામાનો અમલ કરવા) માટે પણ જાણ કરેલ હોવા છતા જાહેરનામાનો ભંગ કરેલ હોય સદરી આરોપી વિરુધ્ધ ઉપરોક્ત નંબરથી ગુન્હો દાખલ કરેલ છે અને આગળની વધુ તપાસ હે.કો.ધનંજય ભાસ્કરરાવનાઓ કરે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનની સારી કામગીરી

શ્રી બી.જે.પંડયા સાહેબ, મદદનીશ પોલીસ કમિશનર, એ ડિવિઝન, અમદાવાદ નાઓને મળેલ બાતમી આધારે અન્વયે એસીપી સાહેબ તથા પો.ઇ.શ્રી બી.જે.સરવૈયા સા. તથા પો.સ.ઇ.શ્રી કે.એન.રામાનુજ તથા વુ.પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ તથા સ્ટાફના માણસોએ પંચોની સાથે વસ્ત્રાપુર, એસજી હાઇવે પર આવેલ હોટલ ગ્રાન્ડ ભગવતીની સામે આવેલ હોટલ શ્રી ક્રિષ્ણા પેલેસમાં રેઇડ કરી (૧) વિક્રમસિંહ જીવુભા રાઠોડ ઉવ.૪૨ રહે.મુંદ્રા રીલોકેશન સાઇટ, એ/૪૯, ભુજ, કચ્છ (૨) રક્ષિત હિરાલાલ રાઠોડ ઉવ.૨૬, રહે.પરીશ્રમ બંગલો, રાઓલ વાડી, ભુજ, કચ્છ (૩) વિજયસિંહ જામભા જાડેજા, ઉવ.૪૦ રહે.૧૫૬, નરનારાયણનગર, જુના વાસ, માધાપર, તા.ભુજ, કચ્છ નાઓને હોટલના રૂમમાં એક રૂપલલના સાથે પકડી પાડેલ જેઓની પુછપરછ કરતા રૂપલલનાને હિતેષ નામના સરખેજ વિસ્તારમાં રહેતા ઇસમે મોકલેલ છે અને તેને એક દિવસમાં ત્રણ માણસો સાથે શરીર સંબંધ બાંધવા રૂ.૫૦૦૦/- આપવાનુ નક્કી કરેલ છે અને રૂપલલના અગાઉ પણ આ હોટલમાં આવેલ અને હોટલના મેનેજર મુકેશ દેસાઇ પણ તેને ઓળખતા હોવાનુ અને તે અલગ રૂમની વ્યવસ્થા કરી આપે છે તે રીતે તા.૦૨.૦૧.૧૭ ની રાત્રે તેણે રૂમ નં.૩૧૯ અલગથી ખોલી આપેલ હતો જેમા રૂપલલના સાથે સેક્સ આરોપી રક્ષીતે સેકસ માણેલ. જે આરોપીઓની પુછપરછમાં તેઓએ હોટેલના મેનેજર મુકેશ દેસાઇ મારફતે હિતેષનો સંપર્ક કરેલ અને પૈસા આપી શરીર સુખ માણવા આ રૂપલલનાને બોલાવેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાઇ આવેલ જેથી ઉપરોકત ભુજના રહેવાસી ત્રણ આરોપીઓ અને હોટેલના મેનેજર મુકેશ લક્ષ્મણભાઇ દેસાઇ ઉવ.૨૫, રહે.હોટલમાં મુળ વતન ગામ: ધાણી ટુંડા, તા.આસપુર, જી. ડુંગરપુર નાઓને એસીપીશ્રી બી.જે.પંડ્યા સાહેબે અટકાયતમાં લીધેલ અને આ સેક્સ રેકેટ ચલાવતા હિતેષ નામના ઇસમની શોધખોળ આદરેલ છે.

## પરપ્રાંતના દારુના મોટા જથ્થાના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓને તેઓના કબજામાંથી મોટા જથ્થામાં વિદેશી તથા પરપ્રાંતીય દારૂના રૂ.૪ લાખ ઉપરના વધુ બીજા જથ્થા સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

**ગુજરાત સરકાર દ્વારાદારુની બંધીનો નવો વટ હુકમ બહાર પાડવામાં આવેલ છે જે અનુસંધાને દારૂ બંધીનો ચુસ્તપણે અમલ થાય અને દારૂની પ્રવૃતિ નેસ્તનાબુદ થાય,અને અમદાવાદ શહેરમાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સુચના અનુસાર કડક કાર્યવાહી કરવા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રનસાહેબ નાઓએ પ્રોહી ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હતુ જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો બનાવી આ બદીને કડક હાથ ડામી દેવા સારુ આયોજનકરવામાં આવેલ જે અન્વયે ઈન્સપેક્ટરશ્રી આર.આર.સરવૈયા તથા તેઓની ટીમના તથા પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ. શ્રી સી.બી.ચૌધરી નાઓએ તેમનાસ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર મેઘાણીનગર વિસ્તારમાં રહેતા** દશરથ ઉર્ફે ડચો મગાજી મારવાડી તથા ઈશ્વર ધારશી ઠાકોર તથા હીતેશ રોહીતભાઈ મારવાડી રહે.પતરાવાળી ચાલી ચમનપુરા મેઘાણીનગર નાઓ કે જેઓ અગાઉ રેઈડ દરમ્યાન ઈંગ્લીશ દારુ કુલ બોટલ નં.૧૯૪૬ કિ.રુ. ૩,૩૫,૧૫૦/- નો મુદ્દામાલ મુકી નાસી ગયેલ હતા અને જેઓ વિરૂધ્ધમાંઅત્રે ક્રાઈમબ્રાન્ચમાં ગુનો દાખલ કરવામાં આવેલ હતો. જે આરોપીઓને આ ગુનાના કામે પકડવાના બાકી હતા.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

ઉપરોકત ગુનાની તપાસ દરમ્યાન આ આરોપીઓ હાલમાં પણ પોતાની આ પ્રવૃતિ ચલાવતા હોવાની મળેલ બાતમી આધારે આજરોજ પો.ઈન્સ.શ્રી આર.આર.સરવૈયા તથા તેઓની ટીમના અધિકારીશ્રીઓ તથા માણસોએ ઉપરોકત વોન્ટેડ આરોપીઓના રહેણાંક વિસ્તાર એવા મેઘાણીનગર પતરાવાળી ચાલી ખાતે રેઈડ કરતાં આરોપીઓના ગોડાઉનમાંથી યુ.એસ.એ. , સ્કોટલેન્ડ, તથા સ્વીડન જેવા દેશોમાં બનેલ વિદેશી દારૂનો જથ્થો કુલ્લે અલગ અલગ બ્રાન્ડની ૨૭૧ બોટલ જેની કુલ કિ.રૂ. ૪,૩૨,૮૫૬/- નો જથ્થો જેમાં બ્લેક એન્ડ વ્હાઈટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કીતથા બેલેન્ટાઈન ફાઈનેસ્ટ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી તથા જસ્ટેરીની એન્ડ બ્રુકસ (એ એન્ડ કે) બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કીની તથા ટીચર્સ ૫૦ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી તથા જેક ડીનીયલ્સ ઓલ્ડ નં. ૭ બ્રાન્ડ વ્હીસ્કી તથા ૧૦૦ પાઈપર્સ ડીલક્ષ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી તથા દેવાર્સ ટ્રુયુ સ્કોચ વ્હીસ્કી તથા એલ સોલ્યુટ વોડ્કા તથા રોયલ ચેલેન્જ વ્હીસ્કી તથા બ્લેક ડોગ બ્લેન્ડેડ સ્કોચ વ્હીસ્કી જેવા બ્રાન્ડની બોટલોકબજે કરી આરોપીઓ (૧) ઈશ્વર ધારસિંહ ઠાકોર ઉ.વ.૪૬ રહે. પાણીની ટાંકી પાસે, પતરાવાળી ચાલી સ્લમ કવાટર્સ મેઘાણીનગર અ'વાદ શહેર તથા (૨) હિતેષ રોહીતભાઈ બ્રાહ્મણીયા (મારવાડી) ઉ.વ. ૩૪ રહે. બ્લોક નં. ૫,૬ ની પાછળ છાપરામાં પતરાવાળી ચાલી સ્લમ કવાટર્સ મેઘાણીનગર અમદાવાદનાઓ વિરૂધ્ધ ડી.સી.બી. પો.સ્ટે. ખાતે ગુનો દાખલ કરી આરોપીઓને આજરોજ તા.૩/૧/૨૦૧૭ના કલાક ૧૪/૩૦ વાગે અટક કરવામાં આવેલ છે. જે આરોપીએ આ વિદેશી દારૂનો જથ્થો ક્યાંથી અને કોની પાસેથી મેળવેલ છે તે અંગે આરોપીઓની પુછપરછ તથા વધુ તપાસ પો.ઈન્સ. શ્રી આર.આર.સરવૈયા તથા તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી નાઓ કરી રહેલ છે.

**મર્ડરના ગુન્હામાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલ ફરારી કેદી મફાજી રૂપસંગજી ઠાકોર ને પકડી પાડી જેલ હવાલે કરતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.**

રાજ્યની જુદીજુદી જેલોમાં સજા કાપી રહેલ કાચા/પાકા કામના કેદીઓ પેરોલ/ફર્લો/વચગાળાના જામીન પર છુટ્યા બાદ સમયસર જેલમાં હાજર થતા ન હોય અને નાસતા ફરતા રહેતા હોય આવા ફરારી કેદીઓને પકડી પાડવા સારું સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ.શ્રી એ.વાય.બલોચ નાઓની ટીમના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના એ.એસ.આઇ.ડાહયાભાઇ છગનભાઇ તથા પો.કો રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલ અને પેરોલ જમ્પ કેદી મફાજી રૂપસંગજી ઠાકોર ઉવ.૪૦ રહે.દીપેશ્વરી માતાના મંદિરમાં મકાનમાં ઓગણજ ગામ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ નાને તેના ઘરેથી પકડી પાડેલ છે.

પકડાયેલ કેદી મફાજી રૂપસંગજી ઠાકોર ની પત્નિ સને ૨૦૦૬ માં સળગીને મરણ ગયેલ જે અંગે તેના વિરુદ્ધ સરખેજ પો.સ્ટે.માં ખુનનો ગુનો દાખલ થયેલ હતો અને આ કેસમાં સને ૨૦૦૮ માં તેને આજીવન કેદની સજા થયેલ અને સાબરમતી જેલમાં સજા ભોગવી રહેલ અને દિન-૧૪ ની પેરોલ રજા મેળવી તા.૨/૧૨/૨૦૧૬ ના રોજ પેરોલ રજા પર છુટેલ અને તા.૧૭/૧૨/૨૦૧૬ ના રોજ પરત જેલે હાજર થવાનું હતું પરંતુ સમયસર હાજર થયેલ નહીં અને પેરોલ રજા પરથી ફરાર થઈ ગયેલ અને નાસતો ફરતો હતો દરમ્યાન બાતમી આધારે પકડાઈ જતાં તેની વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી સાબરમતી મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## <u>અમદાવાદ શહેરના શહેર કોટડા વિસ્તારમાંથી મોબાઇલની ચીલ ઝડપ કરનાર ઇસમની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવણી રહે અને મિલક્ત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ શ્રી આર.બી.પટેલ સાહેબ તથા શ્રી સી.એન.રાજપુત સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે ગરીબનગર ચાર રસ્તા પાસે ની લકી ટી સ્ટોલ ખાતે થી આરોપી વારીસ ઉર્ફે ઈમરાન ઉર્ફે ગોયલા એસ/ઓ યુસુફભાઈ મલેક ઉ.વ.૧૯ રહે.૭૬૭/૫૨૪૭ ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં હકીમની ચાલી લાલ બહાદુરશાસ્ત્રી સ્ટેડીયમ સામે બાપુનગર અમદાવાદ શહેરનાને ઝડપી પાડેલ છે. અને શહેર કોટડા વિસ્તારમાં આવેલ ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ પાસે આવેલ દરગાહ ખાતે આરોપી તથા તેનો સાગરીત સાથે મોટર સાઈકલ ઉપર આવી રસ્તે જતા ચાલક ના હાથ માંથી કિંમતી લીનોવા કંપનીનો વાઈબ મોબાઈલ ફોનની ચીલ ઝડપ કરેલ તે આરોપી પાસે થી રિકવર કરેલ તથા ચીલ ઝડપ કરવા સારૂ વાપરેલ હોંન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ પણ કબજે કરેલ છે. અને આ રીતે બીજા કેટલા મોબાઇલની ચીલ ઝડપ કરેલ છે. જે અંગે આરોપીની વધુ તપાસ પો.સ.ઇ. શ્રી બી.એચ. કોરોટ નાઓ કરી રહેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)